મનમાં તનાવ પણ કરે મનમાની આપણી,
મનનો બચાવ પણ કરે મનમાની આપણી.

હા, માન સૌનું રાખતાં એ થાકતી નથી,
ખુદનો પ્રભાવ પણ કરે મનમાની આપણી.

ના માનવું જે હોય તે માને નહીં છતાં,
સૌનો નિભાવ પણ કરે મનમાની આપણી.

ક્ષણભર અલગ કરી દે બધાંથી ને એ પછી,
નોખો લગાવ પણ કરે મનમાની આપણી.

મૂંગાં દરદ એ આપતી બસ એટલું જ નહીં,
વાચાળ ઘાવ પણ કરે મનમાની આપણી.

અક્કડ રહે છે આમ તો જ્યારે જરૂરી હોય,
ગમતો ઝુકાવ પણ કરે મનમાની આપણી.

બીજાના મનના ભાવને આગળ ધરે બધે,
ને રખરખાવ પણ કરે મનમાની આપણી.

કર્યું છે આંખમાં સ્થાપન, તમારે આવવું પડશે,
છે આ આંસુનું ઉદ્‌ઘાટન, તમારે આવવું પડશે.

તમારા હાથથી જો થાય એમાં પ્રાણ આવી જાય,
તમારી મૂર્તિનું પૂજન, તમારે આવવું પડશે.

સમયસર આવશો નહીં તો અહીં પડદો પડી જાશે,
પછી દુર્લભ થશે દર્શન, તમારે આવવું પડશે.

હયાતી છેકથી મ્હેકે, ઉદાસી મૂળથી ભાગે,
ચરાચર થાય મનભાવન, તમારે આવવું પડશે.

હજી પણ સાચવ્યા છે જે લખ્યા’તા એકબીજાને,
કરીશું પત્રનું વાંચન, તમારે આવવું પડશે.

છે અમને જાણ કે તમને કવિતામાં નથી કંઈ રસ,
અમારું રાખવાને મન, તમારે આવવું પડશે.

થયું છે બંધ લેખન, જે અમારા માટે છે અંજળ,
અમારું તોડવા અનશન તમારે આવવું પડશે.

રહો છો દૂર તો સૌ કહે છે, છે કંઈ દાળમાં કાળું,
હા, કરવા દૂર આ લાંછન, તમારે આવવું પડશે.

શુકન જોઈને બેઠો છું, તિલક કરવાનું બાકી છે,
બનીને બસ હવે ચંદન, તમારે આવવું પડશે.

ચીંધી શકો જો આંગળી, ઘટના પ્રણમ્ય છે,
ભૂલા પડે ન કોઈ એ રસ્તા પ્રણમ્ય છે.

બસ લોક-લાજના ડરે પડવા દીધા નહીં,
ખોટું જે કરતાં રોકે એ ડાઘા પ્રણમ્ય છે.

ઘર છોડી પામ્યા કૃષ્ણને, નરસી ભગત થયા,
માર્યાં હતાં જે ભાભીએ, મ્હેણાં પ્રણમ્ય છે.

તારી જ શક્તિ તારા સુધી પહોંચવા ન દે,
વળગી રહે છે સૌને એ માયા પ્રણમ્ય છે

કારણ, વધારે ગુણ મળે લાંબા લખાણના,
કરતા રહ્યા જે આપણે, ફકરા પ્રણમ્ય છે.

જાણી ગઈ કિતાબ એ, ખુશ્બૂએ ખોલ્યાં તો,
જ્યાં ત્યાં ન ખૂલ્યાં એ બધાં પાનાં પ્રણમ્ય છે.

જ્યારે નયનને ભાન થયું કે સજળ નથી,
ચોમાસું લઈને આવ્યાં એ સપનાં પ્રણમ્ય છે.

શબ્દો કહ્યા જે પ્રેમથી, અથડાય આજ પણ,
વ્હાલપ સમાન કોઈના પડઘા પ્રણમ્ય છે.

આંખોનો હાલ કહી ગયા, જ્યાં 'આવજો' કહ્યું,
રોકી લીધી છે એને અહીં, ચશ્માં પ્રણમ્ય છે.

તમારા ભાવનો વૈભવ ગઝલના રૂપમાં લાવો,
ઉદાસી, હર્ષ ને ગૌરવ ગઝલના રૂપમાં લાવો.

હશે કોઈ જે તમને સ્હેજમાં બાળક બનાવી દે,
મળે જો આ રીતે શૈશવ, ગઝલના રૂપમાં લાવો.

બધાની વાત સારી છે, છતાં હદબહાર નહીં ફાવે,
કર્યો જે રોજનો અનુભવ, ગઝલના રૂપમાં લાવો.

તમે જે સાંભળી ચાલ્યાં, બીજાં પણ એ સફર ખેડે,
બતાવે માર્ગ જે પગરવ, ગઝલના રૂપમાં લાવો.

જગતની ઉન્નતિ માટે કશું કરવા વિચારો છો?
બધો બદલાવ છે સંભવ, ગઝલના રૂપમાં લાવો.

કશું અહીંયાં કહેવાય જાણે-અજાણે,
કશું અહીંનું ત્યાં થાય જાણે-અજાણે.

નજરમાં કિનારો, સ્મરણમાં છે નૌકા,
સતત બંને અથડાય જાણે-અજાણે.

આ સમજણ ન ભૂલી પડે તો જ સારું,
અગર કંઈ જડી જાય જાણે-અજાણે.

ભીતર જેટલો જઉં વધારે વધારે,
સકળ સૃષ્ટિ સમજાય જાણે-અજાણે.

મનનથી જ તારા કુપોષિત આ મનના,
ઘટક સર્વ પોષાય જાણે-અજાણે.

છબી તારી વાતાવરણ રંગી દેતી,
બધે પ્રેમ વર્તાય જાણે-અજાણે.

પછી પાછા વળવું છે દુર્ભાગ્ય જેવું,
સમાધિમાં પ્હોંચાય જાણે-અજાણે.

મળે હાથને શાપ દાઝી જવાનો,
પતંગિયું જો પકડાય જાણે-અજાણે.

દિશા દર્શાવવા પાછળ તમારો હાથ મોટો છે,
અમારી દુર્દશા પાછળ તમારો હાથ મોટો છે.

નમેલાં ત્રાજવા પાછળ તમારો હાથ મોટો છે,
આ ખાલી પાત્રતા પાછળ તમારો હાથ મોટો છે.

અમારી માન્યતા પાછળ તમારો હાથ મોટો છે,
ગમા ને અણગમા પાછળ તમારો હાથ મોટો છે.

ફક્ત તમને જ જોઈને લખાઈ ગઈ અમારાથી,
પરીની વારતા પાછળ તમારો હાથ મોટો છે.

તમારી વાત નીકળે ત્યાં થતી વાતો અમારી પણ,
અમારી નામના પાછળ તમારો હાથ મોટો છે.

સમય પહેલાં હતો એક જ, પ્રતીક્ષા શું ને મળવું શું?
સમયના ભાગલા પાછળ તમારો હાથ મોટો છે.

તમે છોડી ગયા તો આવ-જા છે બંધ ખુશ્બૂની,
પવનની સ્તબ્ધતા પાછળ તમારો હાથ મોટો છે.

તીરથ પર પહોંચવા આવ્યા ને આવી ગઈ તમારી યાદ,
અધૂરી જાતરા પાછળ તમારો હાથ મોટો છે.

જગા જે ભીતરે ખાલી પડી'તી, છે હવે ભરચક,
સ્વયંની સ્થાપના પાછળ તમારો હાથ મોટો છે.

હા, કર અને પ્રણયમાં તું, જરાક બાંધછોડ કર,
ઘણો રહ્યો વિનયમાં તું, જરાક બાંધછોડ કર.

વીતે ઝડપથી દુઃખની પળ ને સુખમાં ધીરી હોય પળ,
પ્રભુ! હવે સમયમાં તું, જરાક બાંધછોડ કર.

ખુશીના માટે શું લખું? એ દૂર-દૂર છે ઘણી,
રે મિત્ર! આ વિષયમાં તું, જરાક બાંધછોડ કર.

અનિષ્ટ નાશ પામે ને ખુશી રહે જ હેમખેમ,
હવે પછી પ્રલયમાં તું, જરાક બાંધછોડ કર.

લૂછી લીધા પછી તરત થવાય મુક્ત કેદથી,
આ અશ્રુના વલયમાં તું, જરાક બાંધછોડ કર.

તમે માણસ, અમે માણસ, બધા માણસ, ભલા માણસ,
ન કોઈ લોઢું છે ના કોઈ છે પારસ, ભલા માણસ.

જરા જોવામાં પણ તમને નડી આળસ ભલા માણસ,
જો આપ્યું સ્મિત તો લાગ્યું છે એ બોનસ ભલા માણસ.

પ્રભુએ કાનમાં સૌના અહીં સરખું જ કીધું છે,
'જગતમાં તું જ છે સૌથી સરસ માણસ, ભલા માણસ.'

પ્રગટવા માટે થોડી આવવા દો અહીં હવા તાજી,
પછી બનજો તમે એ જ્યોતના ફાનસ, ભલા માણસ.

જો આવી હાથ બીજાની, તો પોતાની ગયા ભૂલી,
અહીં પ્રત્યેક પાસે હોય દુઃખતી નસ ભલા માણસ.

તમે પકડીને જેની આંગળી અહીંયાં સુધી પહોંચ્યા,
ઉઠાવી આંગળી એને જ કીધું 'ખસ' ભલા માણસ!

અરે, તમને રડી લેવા મળ્યો ના એક પણ ખૂણો!
તમારા ઘરમાં છે સૌ ઓરડા ચોરસ ભલા માણસ.

લાગણી એનામાં તો ક્યાંથી જડે?
હાજરી જેને હવાની પણ નડે.

ત્યાં તને હળવાશ જેવું લાગશે,
જ્યાં વજન તારી હયાતીનું પડે.

તારાં નાજુક ટેરવાં સાચવજે તું,
જ્યારે પરપોટાને તું જઈને અડે.

શેષ રહે જે, પૂર્ણતા એમાં જ છે,
તું તને ભાગી જો બસ તારા વડે.

ઘાવ આપોઆપ મોટો થઈ જશે,
સૌની નજરોમાં અગર આવી ચડે.

# મનોમન

એક સપનું કિતાબ જેવું છે,
પાને-પાને ગુલાબ જેવું છે.

એ મળે સામે ઓળખાય નહીં,
સુખના ચહેરે નકાબ જેવું છે.

મૌન મારું સવાલ છે કોઈ,
તારું રડવું જવાબ જેવું છે.

ઊછળી ઊર્મિ આજ તો જાણ્યું,
કેટલું એને દાબ જેવું છે!

સ્પર્શ માણી શકાય શી રીતે?
ટેરવાં પર હિસાબ જેવું છે.

છે પડોશી તો કાળજી લઉં છું,
કામ મારું ચિનાબ જેવું છે.

દાદ જો આપની મળી ગઈ તો,
પદ્મશ્રીના ખિતાબ જેવું છે.

તમારાં ચાહનારાં પર તમારું કંઈ નહીં ચાલે,
કરી બેસે જો મનમાં ઘર તમારું કંઈ નહીં ચાલે.

છૂપાં પગલે એ આવીને, હૃદયમાં ઊતરી જાશે,
રણકશે એ પછી ઝાંઝર, તમારું કંઈ નહીં ચાલે.

નજરથી, સ્મિતથી કે શબ્દથી ઓગાળતાં રહેશે,
રહો છો ને બની પથ્થર, તમારું કંઈ નહીં ચાલે.

તમારી પૂજા કરતાં ક્યાંક એ પોતે બની જાશે,
તમારો પ્રેમ ને ઈશ્વર, તમારું કંઈ નહીં ચાલે.

ઘણા પ્રશ્નો મજાના છે, જે રાખે છે સતત અંકુશ,
ભૂલે-ચૂકે મળે ઉત્તર, તમારું કંઈ નહીં ચાલે.

અગર રહેવું ગમે અંદર તો અંદર રાખશે તમને,
ઉડાવી લઈ જશે પિંજર, તમારું કંઈ નહીં ચાલે.

કરમનું તીર છૂટે ને નિશાના પર તમે જો હોવ,
હશે દીવાલ કે બખ્તર, તમારું કંઈ નહીં ચાલે.

# મનોમન

ફક્ત પડછાયો બસ દેખાય છે, તું હાથ ઊંચો કર,
અહીં વસ્તીગણતરી થાય છે, તું હાથ ઊંચો કર.

સભા વચ્ચે મદદ માગી સ્વજન ઊભો પ્રતીક્ષામાં,
મનોમન ખૂબ એ મૂંઝાય છે, તું હાથ ઊંચો કર.

કશું તરફેણમાં તું કહે છતાં જો સ્પષ્ટ ના સંભળાય,
ઇશારો તો જરૂર સમજાય છે, તું હાથ ઊંચો કર.

નથી એ દ્રાક્ષ ખાટી, ખાતરી તું પણ કરી લે ચલ,
હા, તારાથી તો ત્યાં પહોંચાય છે, તું હાથ ઊંચો કર.

ફરજ સમજી તું સાથે રહે, પડે શું ફેર જીતે કોણ?
લડતનો શંખ બસ ફૂંકાય છે, તું હાથ ઊંચો કર.

સતત ખિસ્સામાં રાખીને ન જાણે શું છુપાવે છે?
સુરક્ષાકર્મીઓ વહેમાય છે, તું હાથ ઊંચો કર.

ભલે ચહેરો બતાવે નહીં, પરંતુ નોંધ તો લેવાય!
‘જો હાજર સો હજૂર’ કહેવાય છે, તું હાથ ઊંચો કર.

અગર મન સાફ છે, આવી પ્રથમ પંક્તિમાં બેસી જા,
કરમનો ચોપડો ખોલાય છે, તું હાથ ઊંચો કર.

હરાજી તારા ઘરની છે, ગમે તે ભાવ સૌ કહે છે,
તને કિંમત શું આ પોષાય છે? તું હાથ ઊંચો કર.

બની સંવેદના તારી રહે, એને વધાવી લે,
અરીસામાં જો એ ડોકાય છે, તું હાથ ઊંચો કર.

વગાડ્યાં ખંજરી-ઢોલક, ભજન ને ધૂનમાં તેં પણ,
પ્રભુની જય હવે બોલાય છે, તું હાથ ઊંચો કર.

બધાના હાથ ઊંચા છે, તું શાને સ્થિર બેઠો છે?
ગઝલ તારી જ આ વંચાય છે, તું હાથ ઊંચો કર.

ભલે કર્યું નથી કંઈ ખાસ શાંત બેસીને,
મેં જીત્યો કૈંકનો વિશ્વાસ શાંત બેસીને.

કરી ગયાં એ હૃદયમાં ઘણી ઊથલપાથલ,
કશું જ નહીં ને ફક્ત પાસ શાંત બેસીને.

છે બેઉ વચ્ચે હવે પ્રેમની પરાકાષ્ઠા,
રમી રહ્યાં છે સતત રાસ શાંત બેસીને.

કળા આ શીખવા જેવી છે વૃક્ષ પાસેથી,
રચી શકાય ઉપન્યાસ શાંત બેસીને.

કરે એ યાદ મને, ઓગળે છે અંધારું,
મને એ મોકલે અજવાસ, શાંત બેસીને.

તમારા મોહમાં નિષ્કામ થઈને બેઠો છું,
મળ્યો જુવાનીમાં સંન્યાસ શાંત બેસીને.

ઘડી ઘડીમાં જીવન રંગ બદલે તેથી શું?
કર્યો ઘડીનો જ અભ્યાસ શાંત બેસીને.

ગઝલ કહી મેં હૃદયમાં અનન્ય ભાવભરી,
ને જાળવ્યો તમે પણ પ્રાસ શાંત બેસીને.

તમારું અહીં આવવું બહુ ગમે છે,
પછી કાયમી રહી જવું બહુ ગમે છે.

નવું રોજ કંઈ લાવવું બહુ ગમે છે,
તમારું નવું લાગવું બહુ ગમે છે.

તમે કંઈક ધારો, હું પુરવાર થઈ જઉં,
તમારું કશું ધારવું બહુ ગમે છે.

છે શ્રદ્ધા એ નક્કી દિશા છે તમારી,
મને એ તરફ ચાલવું બહુ ગમે છે.

મને મારી કંઈ પણ ખબર રહી નથી પણ,
તમારા વિશે જાણવું બહુ ગમે છે.

મેં નીચે ઝૂકી તક ઉઠાવી નથી કોઈ-
આ મસ્તક ઊંચું રાખવું બહુ ગમે છે.

રહ્યો એટલે કેદ થઈને છબીમાં,
સતત આપનું તાકવું બહુ ગમે છે.

જો કોઈ બોલવાનું કહે તરત મન વાહ બોલે છે,
બીજાને સાંભળીને પણ ફક્ત મન વાહ બોલે છે.

હૃદય જેવું જ ચાલે છે, ને ચાલે છે સમય જેવું,
ઘડીભર થોભે છે ક્યાં એ? સતત મન વાહ બોલે છે.

પ્રશંસા કે મળે ટીકા, મળે ઉપદેશ કે આદેશ,
ભલે બોલે કશું પણ આ જગત, મન વાહ બોલે છે.

સમયસર સ્માર્ટ ઘડિયાળો કહે ઊભા થઈ ચાલો,
મશીનોના વલણથી હરવખત મન વાહ બોલે છે.

'ન' આગળ કે પછી લાગે, 'નમન' ક્યાં તો 'મનન' થાયે,
એ એક અક્ષરની જોઈને રમત, મન વાહ બોલે છે.

વળાંકે વળાંકે અમસ્તું વળીને,
હું પહોંચ્યો ઘરે છું, ઘણુંયે ફરીને.

સ્વભાવે તરલ છું એ મજબૂરી રહી છે,
નકામો જ ડહોળાયો જ્યાં-ત્યાં વહીને.

એ તો હાલ એનો છુપાવે સિફતથી,
હું ખુશ થઉં છતાં હાલ મારો કહીને.

સીધા માર્ગમાં કંઈ જ સીધું હતું નહીં,
ગયો લઈને કાયમ મને ફેરવીને.

મને અવળા રાહે જતાં રોકી લીધો,
મેં માન્યું આ ઠોકરના ચરણે પડીને.

હશે દોસ્તી એની મૃગજળની સાથે,
મજા લે સદંતર મને છેતરીને.

જીવન પદ્ધતિસર મેં સીધું કર્યું છે,
સહીને, રડીને, પડીને, નમીને.

હવે હાશકારો ખરેખર થયો છે,
હું ખુશ છું સ્વયંને ભીતરથી મળીને.

થતાં'તાં દુઃખી અન્યનું સ્મિત જોઈ,
મેં આપી ખુશી એમને બહુ રડીને.

આયનાના પ્રાંતથી વાંકું પડ્યું,
સત્યથી ને ભ્રાંતથી વાંકું પડ્યું.

કોઈ ગમતીલું સ્મરણ આવ્યું નહીં,
એ પછી એકાંતથી વાંકું પડ્યું.

ઊંટ સાથે જ્યારે સરખાવ્યો મને,
ઊંટને દૃષ્ટાંતથી વાંકું પડ્યું.

મન, વચન ને કર્મની છે ભિન્નતા,
ખુદના સૌ વૃત્તાંતથી વાંકું પડ્યું.

પ્રેમ રાખી વ્યક્ત ના કરવો કદી,
તારા આ સિદ્ધાંતથી વાંકું પડ્યું.

એક પણ ઋચા સમજ આવી નહીં,
એટલે વેદાંતથી વાંકું પડ્યું.

અંત જો આરંભ જેવો ના થયો,
શું કહું? દેહાંતથી વાંકું પડ્યું.

વ્યસ્તતા વચ્ચે સમય એ કાઢતાં,
એમની નિરાંતથી વાંકું પડ્યું.

રોગના લીધે છે ઘરમાં આવજાવ -
રોગના નિષ્ણાતથી વાંકું પડ્યું.

રાખવી છે એક અક્કડ, પ્રેમ પ્રગટે ત્યાં સુધી,
હૂંફની લેવડ ને દેવડ, પ્રેમ પ્રગટે ત્યાં સુધી.

ટેવવશ સાથે રહે બે, એટલે છે રાખવાં,
ભાગ્ય ને મહેનત અડોઅડ, પ્રેમ પ્રગટે ત્યાં સુધી.

મારું તારું જુદું કરવું, અઘરું છે માનું છું હું,
વેઠવી પડશે આ અગવડ, પ્રેમ પ્રગટે ત્યાં સુધી.

એ પછી તો મૌન સઘળી વાત કરતું થઈ જશે,
ચાલશે વાણીની ગરબડ, પ્રેમ પ્રગટે ત્યાં સુધી.

પાંદડા મર્મર કરીને સાબિતી પણ આપશે,
સિંચવાની છે ફક્ત જડ, પ્રેમ પ્રગટે ત્યાં સુધી.

સત્ય પ્રગટે, જૂઠ નાસે, સીધેસીધી વાત છે,
ચાલતું રહેશે આ હુલ્લડ, પ્રેમ પ્રગટે ત્યાં સુધી.

એ થવાથી થાય શું? નિર્વિચારી થઈ જશો,
છે વિચારોની ધડાધડ, પ્રેમ પ્રગટે ત્યાં સુધી.

આ તરફ કે એ તરફ હો, શૂરતાને ધન્ય છે,
શત્રુનીયે પીઠ થાબડ, પ્રેમ પ્રગટે ત્યાં સુધી.